# શ્રી સાવિત્રીબાઇ ફૂલે નવોદય કોચિંગ સેન્ટર-થરાદ

## પ્રશ્નપત્ર-4

સમય : 2:00 કલાક

**જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા**

કુલગુણ : 100

**વિભાગ-1 : માનસિક યોગ્યતા પરીક્ષા (પ્રશ્ન 1 થી 50)**

### વિભાગ-I

➜ નીચેના 1 થી 5 માં દરેક પ્રશ્નમાં ચાર આકૃતિઓ (1), (2), (3) અને (4) આપેલી છે. આ ચાર આકૃતિઓમાં ત્રણ આકૃતિઓ અમુક રીતે સમાન છે અને એક આકૃતિ અસમાન છે. અસમાન આકૃતિ પસંદ કરી તમારો ઉત્તર અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(1)

(1) 
(2) 
(3) 
(4) 

(2)

(1) 
(2) 
(3) 
(4) 

(3)

(1) 
(2) 
(3) 
(4) 

(4)

(1) 
(2) 
(3) 
(4) 

(5)

(1) 
(2) 
(3) 
(4) 

### વિભાગ-II

➜ નિર્દેશ : પ્રશ્નક્રમાંક 6 થી 10 માં એક કોયડા (સમસ્યાત્મક) આકૃતિ ડાબી બાજુએ અને ચાર ઉત્તર બતાવતી આકૃતિઓ (1), (2), (3) અને (4) અક્ષરમાં જમણી બાજુએ આપેલ છે. ઉત્તર બતાવતી આકૃતિ પસંદ કરો કે, જે બિલકુલ કોયડા આકૃતિની બરાબર છે અને તમારા ઉત્તરનો ક્રમાંક અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(6) કોયડા (સમસ્યા) આકૃતિ



(1) 
(2) 
(3) 
(4) 

Scanned by CamScanner

(7) કોયડા (સમસ્યા) આકૃતિ





(8) કોયડા (સમસ્યા) આકૃતિ





(9) કોયડા (સમસ્યા) આકૃતિ





(10) કોયડા (સમસ્યા) આકૃતિ





## વિભાગ-III

નિર્દેશ : પ્રશ્નનંબર 11 થી 15માં ડાબી બાજુએ એક કોયડા આકૃતિ આપેલ છે. જેમાંનો એક ભાગ અધૂરો છે. જમણી બાજુએ ઉત્તર આપતી આકૃતિ (1), (2), (3) અને (4) નું અવલોકન કરી ઉત્તર બતાવતી આકૃતિ શોધો કે, જેની દિશા બદલ્યા વિના કોયડા આકૃતિના અધૂરા ભાગમાં બંધબેસતી આકૃતિ પૂરી થાય. તમારો પસંદ કરેલ ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં તમારા ઉત્તરનો અક્ષર અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(11) સમસ્યા આકૃતિ





(12) સમસ્યા આકૃતિ





(13) સમસ્યા આકૃતિ





Scanned by CamScanner

(14) સમસ્યા આકૃતિ





(15) સમસ્યા આકૃતિ





## વિભાગ-IV

➜ નિર્દેશ : પ્રશ્નનંબર 16 થી 20માં ડાબી બાજુએ ત્રણ કોયડા આકૃતિ આપેલી છે અને ચોથી આકૃતિ માટે જગ્યા ખાલી રાખી છે. બધી આકૃતિઓ શ્રેણીમાં છે. જમણી બાજુએ આપેલી ઉત્તર આપતી આકૃતિઓ (1), (2), (3) અને (4) માંથી એક આકૃતિ શોધો કે જે ડાબી બાજુએ રાખેલી ચોથી આકૃતિ માટેની ખાલી જગ્યામાં સમાઈ જાય અને શ્રેણી પૂરી થાય. તમારા પસંદ કરેલા ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજી અંકમાં લખો.

(16) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(17) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(18) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(19) કોયડા (સમસ્યા) આકૃતિઓ







(20) કોયડા (સમસ્યા) આકૃતિઓ





Scanned by CamScanner

## વિભાગ-V

• નિર્દેશ : પ્રશ્નનંબર 21 થી 25માં ત્રણ કોયડા આકૃતિ આપેલી છે અને ચોથી આકૃતિ માટે પ્રશ્નાર્થ ચિહ્ન (?) દર્શાવેલ છે. પહેલી બે કોયડા આકૃતિઓ એકબીજાથી સંબંધિત છે. તેવી જ રીતે ત્રીજી અને ચોથી આકૃતિઓમાં પણ સંબંધ છે. ઉત્તર બતાવતી આકૃતિઓ (1), (2), (3) અને (4) માંથી એક આકૃતિ પસંદ કરો કે, જે પ્રશ્નાર્થચિહ્નનું સ્થાન લે. તમે પસંદ કરેલો ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં આપેલ બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખો.

(21) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(22) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(23) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(24) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(25) કોયડા (સમસ્યા) આકૃતિઓ



## વિભાગ-VI

• નિર્દેશ : પ્રશ્નનંબર 26 થી 30 સુધીના પ્રશ્નોમાં જિઑમૅટ્રિક આકૃતિ (વર્ગ, ત્રિભુજ)ના એક ભાગ રેખાની ડાબી તરફ સમસ્યા આકૃતિના રૂપમાં આપેલી છે અને રેખાની જમણી તરફ આપેલી ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) માંથી કોઈ એક એનો બીજો ભાગ છે. જમણી તરફ આપેલી ઉત્તર આકૃતિઓમાંથી એ આકૃતિ શોધો જે એ જિઑમૅટ્રિક આકૃતિને પૂરી બનાવે છે. સાચો ઉત્તર પસંદ કરી સંલગ્ન ઉત્તર-પત્રિકાના દરેક પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં અંગ્રેજી અંકમાં ઉત્તર લખો.

(26) કોયડા (સમસ્યા) આકૃતિ



(27) કોયડા (સમસ્યા) આકૃતિ



Scanned by CamScanner

(28) કોયડા (સમસ્યા) આકૃતિ



(29) કોયડા (સમસ્યા) આકૃતિ



(30) કોયડા (સમસ્યા) આકૃતિ



## વિભાગ-VII

નિર્દેશ : પ્રશ્નનંબર 31 થી 35 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. આ ઉત્તર આકૃતિને પસંદ કરી, જે સમસ્યા આકૃતિની દર્પણ આકૃતિની બિલકુલ સદૃશ્ય હોય જ્યારે દર્પણને XY પર રાખેલું હોય. તમારા ઉત્તર શોધીને સંલગ્ન ઉત્તર-પત્રિકામાં દરેક પ્રશ્નની આગળ આપેલ બૉક્સમાં અંગ્રેજી અંકમાં ઉત્તર લખો.

(31) કોયડા (સમસ્યા) આકૃતિ



(32) કોયડા (સમસ્યા) આકૃતિ



(33) કોયડા (સમસ્યા) આકૃતિ



(34) કોયડા (સમસ્યા) આકૃતિ



(35) કોયડા (સમસ્યા) આકૃતિ



Scanned by CamScanner

(43) કોયડા (સમસ્યા) આકૃતિ





(44) કોયડા (સમસ્યા) આકૃતિ





(45) કોયડા (સમસ્યા) આકૃતિ





## વિભાગ-X

➡ નિર્દેશ : પ્રશ્નનંબર 46 થી 50 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. આ ઉત્તર આકૃતિને શોધો જેમાં સમસ્યા આકૃતિ છુપાયેલી છે તથા તમારા ઉત્તર, ઉત્તર આકૃતિની સંખ્યા દ્વારા સંલગ્ન ઉત્તર-પત્રિકાના પ્રશ્નની આગળ આપેલા બોક્સમાં લખો.

(46) કોયડા (સમસ્યા) આકૃતિ





(47) કોયડા (સમસ્યા) આકૃતિ





(48) કોયડા (સમસ્યા) આકૃતિ





(49) કોયડા (સમસ્યા) આકૃતિ





(50) કોયડા (સમસ્યા) આકૃતિ





Scanned by CamScanner

## વિભાગ-2 : અંકગણિત (પ્રશ્ન 51 થી 75)

➡ નિર્દેશ : પ્રત્યેક સવાલ માટે ચાર સંભવિત જવાબ છે. જેને (1), (2), (૩) અને (4) ના ક્રમમાં આપવામાં આવ્યા છે. જેમાંથી માત્ર એક જ જવાબ સાચો છે. યોગ્ય જવાબ પસંદ કરી તેની ક્રમ સંખ્યા ઉત્તરપુસ્તિકામાં પ્રશ્ન સંખ્યાના સામે આપેલા બૉક્સમાં લખવા.

(51) 33 ને કઈ સંખ્યા વડે ભાગવાથી ભાગફળ 55 મળે ?

(1) $\frac{2}{5}$ (2) $\frac{3}{5}$ (3) $\frac{6}{5}$ (4) $\frac{4}{5}$

(52) 3, 7, 0, 1, 5 થી બનતી પાંચ અંકની નાનામાં નાની સંખ્યા છે ?

(1) 01357 (2) 10357 (3) 10537 (4) 10375

(53) 10,000 ને ઘાતાંક સ્વરૂપે કઈ રીતે લખી શકાય ?

(1) $10^3$ (2) $10^2$ (3) $10^4$ (4) $1^{40}$

(54) 50 તથા 90ની વચ્ચેની બધી જ અવિભાજ્ય સંખ્યાનો સરવાળો કેટલો થાય ?

(1) 485 (2) 572 (3) 722 (4) 635

(55) પાંચ અંકોની કુલ કેટલી સંખ્યાઓ છે ?

(1) 9000 (2) 90000 (3) 900 (4) 10000

(56) નીચે પૈકી કયો અવયવ 45નો અવયવ નથી ?

(1) 2 (2) 3 (3) 5 (4) 9

(57) 106, 208 અને 300નો લ.સા.અ. કેટલો થાય ?

(1) 826800 (2) 826881 (3) 826992 (4) 826994

(58) 18, 21 અને 24ના લ.સા.અ. અને ગુ.સા.અ.નો તફાવત કેટલો છે ?

(1) 504 (2) 501 (3) 3 (4) 0

(59) $\frac{5}{14}$ માંથી કેટલા બાદ કરવાથી $\frac{7}{42}$ મળે ?

(1) $\frac{2}{11}$ (2) $\frac{2}{13}$ (3) $\frac{4}{21}$ (4) $\frac{4}{23}$

(60) $\frac{7}{11}$ ને દશાંશ સ્વરૂપે લખી શકાય છે.

(1) $0.\overline{63}$ (2) $0.0\overline{63}$

(3) 0.063 (4) એકપણ નહીં

(61) $\frac{5}{4} \times \frac{8}{10} \times \frac{7}{8}$ નું સાદુંરૂપ કયું ?

(1) $\frac{6}{7}$ (2) $\frac{5}{4}$ (3) $\frac{8}{10}$ (4) $\frac{7}{8}$

(62) 800 માંથી નાનામાં નાની કઈ સંખ્યા બાદ કરતાં પૂર્ણ વર્ગ સંખ્યા મળે ?

(1) 16 (2) 14 (3) 12 (4) 10

(63) 5, 25, 15 અને $x$ માં $x$ નું માન કેટલું ?

(1) 60 (2) 65 (3) 70 (4) 75

(64) જે સંખ્યાના 200 % 90 હોય તે સંખ્યાના 40 % કેટલા થાય ?

(1) 20 (2) 80 (3) 18 (4) 16

(65) એક કામ 14 વ્યક્તિઓ 12 દિવસમાં પૂર્ણ કરે છે. તો 21 વ્યક્તિઓ આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરશે ?

(1) 5 દિવસ (2) 6 દિવસ (3) 7 દિવસ (4) 8 દિવસ

(66) એક રેલગાડી 3 કિમીનું અંતર 2 મિનિટમાં કાપે છે. તો 6 કલાકમાં કેટલું અંતર કાપશે ?

(1) 500 કિમી (2) 540 કિમી (3) 240 કિમી (4) 400 કિમી

(67) પ્રથમ 5 અયુગ્મ સંખ્યાઓની સરાસરી કેટલી ?

(1) 5 (2) 6 (3) 7 (4) 12.5

(68) જો એક એકર જમીનમાં ઘઉંનું ઉત્પાદન 580 કિગ્રા છે. તો એક હેક્ટરમાં કેટલા ટન ઘઉંનું ઉત્પાદન થાય ?

(1) 3.4316 (2) 0.4316 (3) 2.4316 (4) 1.4326

(69) ગાંધીનગર રેલવે સ્ટેશનથી સુરત રેલવે સ્ટેશન વચ્ચેનું અંતર 200 કિમી છે. જો રેલગાડી ગાંધીનગર સ્ટેશનથી સાંજે 7 વાગે નીકળે છે અને 50 કિમી / કલાકની ઝડપથી અંતર કાપે છે. તો સુરત કેટલા વાગે પહોચશે ?

(1) રાત્રે 11 વાગે (2) રાત્રે 10 વાગે

(3) રાત્રે 12 વાગે (4) આ પૈકી એકપણ નહિ

(70) પ્રતિક, દિવ્યાંગ અને મૌતિક ત્રણેય એક કામ અલગ - અલગ રીતે ક્રમશ 20, 25 અને 30 દિવસમાં પૂર્ણ કરે છે. જો ત્રણેય સાથે મળી આ કામ કરે તો કેટલા દિવસમાં કામ પૂર્ણ કરશે ?

(1) $8\frac{4}{37}$ (2) $8\frac{3}{37}$ (3) $8\frac{4}{35}$ (4) $8\frac{3}{31}$

(71) એક ઘડિયાળને ₹ 440માં વેચતાં 10 % નફો થાય છે. તો ઘડિયાળની ખરીદ કિંમત કેટલી હશે ?

(1) ₹ 360 (2) ₹ 400 (3) ₹ 500 (4) ₹ 480

(72) કઈ રકમનું 5 % સાદા વ્યાજે 2 વર્ષનું વ્યાજમુદ્દલ ₹ 220 થાય ?

(1) ₹ 200 (2) ₹ 220 (3) ₹ 210 (4) ₹ 240

(73) એક લંબચોરસની પ્રત્યેક બાજુની લંબાઈમાં 30 %નો ઘટાડો કરવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો ઘટાડો થાય ?

(1) 50 % (2) 51 % (3) 41 % (4) 11 %

(74) એક ચોરસની લંબાઈ 10 મી છે. તો તેનું ક્ષેત્રફળ અને પરિમિતિ કેટલી થાય ?

(1) 100 મી$^2$, 40 મીટર (2) 120 મી$^2$, 60 મીટર

(3) 250 મી$^2$, 50 મીટર (4) 725 મી$^2$, 65 મીટર

(75) 24 તથા 30 ના સામાન્ય અવયવની સંખ્યા કેટલી છે ?

(1) 4 (2) 5 (3) 6 (4) 8

Scanned by CamScanner

## વિભાગ-3 : ભાષા (ગુજરાતી) (પ્રશ્ન 76 થી 100)

નિર્દેશ : આ વિભાગમાં પાંચ ફકરા (ગદ્યખંડ) છે. દરેક ફકરાના 5 – 5 પ્રશ્નો છે. દરેક ફકરાને ધ્યાનપૂર્વક વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર આપો. દરેક પ્રશ્નના ચાર સંભવિત ઉત્તરો (1), (2), (3) અને (4) ના ક્રમમાં આપેલા છે. જેમાંથી માત્ર એક જ ઉત્તર સાચો છે. યોગ્ય ઉત્તરનું ચયન કરી, તેની ક્રમ-સંખ્યા ઉત્તર-પુસ્તિકામાં સંબંધિત પ્રશ્ન-સંખ્યા સામે આપેલા બૉક્સમાં લખવાની છે.

### ફકરો : 1

એક વૃદ્ધ વ્યક્તિને ત્રણ પુત્રો હતાં. તેઓ અંદરોઅંદર ઝઘડ્યાં કરતા હતા. તે તેમના મા-બાપની સલાહ માનતા નહોતા. એક દિવસ તેણે ત્રણેય પુત્રોને બોલાવ્યા અને તેમને એક લાકડીઓનો ભારો આપી તેને તોડવાનું કહ્યું. દરેક પોત-પોતાની રીતે લાકડીઓના ભારાને તોડવા ખૂબ જ પ્રયત્નો કર્યા પરંતુ તેઓ તોડી શક્યા નહીં. ત્યારે વૃદ્ધ વ્યક્તિએ તે ભારાને છોડી એક-એક લાકડી અલગ કરી તોડવા કહ્યું. આમ કહેતાંની સાથે જ મોટા પુત્રએ તો શું નાના પુત્રએ પણ તમામ લાકડીઓ તોડી નાખી. ત્યારે વૃદ્ધ વ્યક્તિએ તેના પુત્રોને કહ્યું કે એકતામાં ખૂબ જ તાકાત રહેલી છે. જો તમે સાથે મળીને રહેશો તો તમને કોઈ નુકસાન પહોંચાડી શકશે નહીં પરંતુ જો અંદરોઅંદર લડશો તો તમારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે.

(76) વૃદ્ધ વ્યક્તિને કેટલા પુત્રો હતા ? ☐

(1) 1 (2) 2
(3) 3 (4) 4

(77) વૃદ્ધ વ્યક્તિએ કોને બોલાવ્યાં ? ☐

(1) પુત્રોને (2) પડોશીઓને
(3) સંબધીઓને (4) નાતના લોકોને

(78) વૃદ્ધ વ્યક્તિએ તેના પુત્રોને શેનો ભારો આપ્યો ? ☐

(1) કપડાંનો (2) લાકડીઓનો
(3) પુસ્તકોનો (4) ઈંટોનો

(79) વૃદ્ધ વ્યક્તિએ લાકડીઓના ભારાને શું કરવાનું કહ્યું ? ☐

(1) ઉંચકવાનું (2) બજારમાં લઈ જવાનું
(3) પડોશીઓને આપવાનું (4) તેને તોડવાનું

(80) વૃદ્ધ વ્યક્તિએ તેના બાળકોને શેનું મહત્ત્વ સમજાવ્યું ? ☐

(1) એકતામાં તાકાત છે. (2) ચારિત્ર્યમાં તાકાત છે.
(3) અનેકતામાં તાકાત છે. (4) એકપણ નહીં

### ફકરો : 2

મુંબઈની એક સભામાં સિંહની ગર્જનાની માફક એક દેશભક્ત ગાજી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે 'અંગ્રેજો જેટલું જલ્દી બને તેમ ભારતને આઝાદ કરી દે તો સારું' આ સિંહ ગર્જના કરનાર વ્યક્તિ હતા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ. વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર 1875 માં ગુજરાતના પેટલાદ તાલુકાના કરમસદ ગામમાં થયો હતો, તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ લાડબાઈ હતું. બાળપણમાં તેમની બગલમાં એક મોટું ગૂમડું થયું હતું. કોઈ કે કહ્યું કે આ ગૂમડુંને મટાડવા માટે ગરમ કરેલો લોખંડનો સળિયો તેના પર મુક્વો જેથી ગૂમડું મટી જાય. તેથી લોખંડનો સળિયો ગરમ કરવામાં આવ્યો. પરંતુ કોઈની હિંમત આ ગરમ સળિયાને સરદાર વલ્લભભાઈની બગલમાં થયેલા ગૂમડાં પર મુકવાની ન ચાલી ત્યારે સરદાર વલ્લભભાઈએ જાતે જ આ ગરમ સળિયાને ગૂમડાં પર મૂકીને તેને ફોડી નાખ્યું. સરદાર વલ્લભભાઈ જીવન પર્યંત સાહસિક રહ્યા હતા.

(81) મુંબઈની સભામાં સિંહ ગર્જના કરનાર વ્યક્તિ કોણ હતાં ? ☐

(1) દાદાભાઈ નવરોજી (2) સરદાર વલ્લભભાઈ પટેલ
(3) ભગતસિંહ (4) ચંદ્રશેખર આઝાદ

(82) લોખંડી પુરુષ કોને કહે છે ? ☐

(1) વલ્લભભાઈ પટેલને (2) મહાત્મા ગાંધીને
(3) ઝવેરભાઈ પટેલને (4) સુભાષચંદ્ર બોઝને

(83) વલ્લભભાઈ પટેલની માતાનું નામ શું હતું ? ☐

(1) કસ્તુરબા (2) જીજાબાઈ
(3) લાડબાઈ (4) પૂતળીબાઈ

(84) બાળપણમાં વલ્લભભાઈ પટેલને ગૂમડું ક્યાં થયુ હતું ? ☐

(1) હાથમાં (2) આંખની પાસે
(3) બગલમાં (4) પગમાં

(85) વલ્લભભાઈ પટેલનો જન્મ ક્યાં થયો હતો ? ☐

(1) પેટલાદમાં (2) કરમસદમાં
(3) આણંદમાં (4) દિલ્હીમાં

### ફકરો : 3

જીવવાના ત્રણ પ્રકાર છે. બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ આને જ 'જીવનકલહ' કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે. પણ એમાં જીવનસાફલ્ય નથી બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. એકબીજાના સહકારથી જીવનનો વિકાસ થાય છે. પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી સ્વાર્પણ માટે જીવવું એ ત્રીજો પ્રકાર છે. સ્વાર્પણ દ્વારા જે જીવન જીવે છે તે કંઈક જુદું જ હોય છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ સમજાય છે અને સફળ થાય છે.

(86) જીવનના કેટલા પ્રકાર છે ? ☐

(1) 1 (2) 2
(3) 3 (4) 4

Scanned by CamScanner

(87) કયો પ્રકાર દુનિયામાં સર્વત્ર છે ?

(1) જીવનકલહ (2) પરસ્પર સહકારને

(3) સ્વાર્પણનો (4) આપેલ તમામ

(88) કયા પ્રકારનું જીવન શ્રેષ્ઠ છે ?

(1) બીજાને મારીને જીવવું (2) પરસ્પર સહકારશે

(3) સ્વાર્પણ માટે જીવવું (4) એકપણ નહીં

(89) જીવનનો બીજો પ્રકાર કયો છે ?

(1) સ્વાર્પણ માટે જીવવું (2) જીવનકલહ

(3) પરસ્પર સહકારનો (4) જીવન સાફલ્ય

(90) આ ફકરા માટે યોગ્ય શીર્ષક કયું છે ?

(1) જીવનના પ્રકારો (2) જીવનનો ઉદ્દેશ

(3) જીવન જીવવાની કળા (4) એકપણ નહીં

## ફકરો : 4

વિજ્ઞાને આપણને અવનવી શોધોની ભેટ આપી છે. કમ્પ્યૂટર વિજ્ઞાનની એક અદ્‌ભુત શોધ છે. આજનો યુગ 'કમ્પ્યૂટર યુગ' કહેવાય છે.

કમ્પ્યૂટર ઝડપથી લખી શકે છે તેમજ ગણતરી કરી શકે છે. આજે આપણા જીવનનાં તમામ ક્ષેત્રોમાં કમ્પ્યૂટરનો ઉપયોગ થાય છે. રેલવે અને વિમાનની ટિકિટોનું રિઝર્વેશન પણ કમ્પ્યૂટરની મદદથી થાય છે. દાક્તરો, વકીલો, દુકાનદારો, ઓફિસરો, શિક્ષકો વગેરે કમ્પ્યૂટરનો ઉપયોગ કરે છે.

કમ્પ્યૂટરે આપણું જીવન અને કાર્ય સરળ બનાવ્યું છે. તે આપણા સૌના માટે આશીર્વાદ રૂપ છે. આપણે કમ્પ્યૂટરનો ઉપયોગ કરતાં શીખીએ અને તેનો લાભ લઈએ.

(91) આજનો યુગ કેવો યુગ કહેવાય છે ?

(1) કળીયુગ (2) વિજ્ઞાનયુગ

(3) કમ્પ્યૂટર યુગ (4) કૃષિયુગ

(92) કમ્પ્યૂટરમાં કયા ભાગો હોય છે ?

(1) કી-બોર્ડ (2) માઉસ

(3) મૉનિટર (4) આપેલ તમામ

(93) કમ્પ્યૂટરના કયા ભાગની મદદથી આકૃતિ છાપી શકાય છે ?

(1) કી-બોર્ડ (2) મૉનિટર

(3) પ્રિન્ટર (4) માઉસ

(94) કમ્પ્યૂટરની મદદથી શેનું રિઝર્વેશન કરી શકાય છે ?

(1) વિમાનનું (2) રેલવેનું

(3) બસનું (4) આપેલ તમામ

(95) કમ્પ્યૂટર આપણા સૌના માટે...

(1) નુકસાનકારક છે. (2) આર્શીવાદ રૂપ છે.

(3) અભિશાપ રૂપ છે. (4) ખતરનાક છે.

## ફકરો : 5

અરવિંદ ઘોષનો જન્મ ઈ.સ. 1872 માં બંગાળમાં થયો હતો. તેઓ અભ્યાસમાં અત્યંત તેજસ્વી હતા. આથી સાત વર્ષની નાની વયે તેમને ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવ્યાં ત્યાં અભ્યાસ કરી 21 વર્ષની વયે તેઓ ભારત પાછા ફર્યા.

તે વખતે ભારતમાં અંગ્રેજોનું રાજ્ય હતું. ગાંધીજીની આગેવાની હેઠળ આઝાદીનું આંદોલન ચાલી રહ્યું હતું. શ્રી અરવિંદ આઝાદીની લડતમાં જોડાઈ ગયા. 'વંદે માતરમ્' નામના સામાયિકના તંત્રીપદે રહી તેમણે લોકોમાં રાષ્ટ્રીય ભાવના જગાડતા ઘણા લેખો લખ્યાં જેનાથી ભયભીત બની અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂરી દીધા. જેલમાં શ્રી અરવિંદને એક મહાન આધ્યાત્મિક અનુભવ થયો. જેલમાંથી છૂટી તે ચેન્નાઈ પાસેના પોંડિચેરી નામના સ્થળે ચાલ્યા ગયા. ત્યાં તેમણે ચાલીસ વર્ષ એકાંતમાં યોગ સાધના કરી.

મહર્ષિ અરવિંદે પોંડિચેરીમાં યોગસાધના માટે એક આશ્રમની સ્થાપના કરી. તે આજે યોગ સાધનાનું મોટું કેન્દ્ર બની ગયુ છે. મહર્ષિ અરવિંદે યોગ ઉપર અનેક પુસ્તકો લખ્યાં છે. 'સાવિત્રી' પુરાણકથા ઉપર તેમણે મહાકાવ્યની રચના કરી છે.

(96) અરવિંદ ઘોષનો જન્મ ક્યારે થયો હતો ?

(1) ઈ.સ. 1872 (2) ઈ.સ.1972

(3) ઈ.સ. 1827 (4) ઈ.સ. 1782

(97) મહર્ષિ અરવિંદ કેટલા વર્ષની વયે ઈંગ્લેન્ડથી અભ્યાસ કરી ભારત પાછા ફર્યા ?

(1) 7 વર્ષ (2) 21 વર્ષ

(3) 12 વર્ષ (4) 31 વર્ષ

(98) શ્રી અરવિંદ કયા સામયિકના તંત્રીપદે રહ્યાં હતા ?

(1) સાવિત્રી (2) યોગ સાધના

(3) વંદે માતરમ્ (4) એકપણ નહીં

(99) શ્રી અરવિંદને કયાં એક મહાન આધ્યાત્મિક અનુભવ થયો ?

(1) ઈંગ્લેન્ડમાં (2) બંગાળમાં (3) પોંડિચેરીમાં (4) જેલમાં

(100) મહર્ષિ અરવિંદે કયાં યોગ સાધના માટે એક આશ્રમની સ્થાપના કરી ?

(1) પોંડિચેરીમાં (2) બંગાળમાં

(3) ઈંગ્લેન્ડમાં (4) એકપણ નહીં

Scanned by CamScanner